





સવિનય, તાટસ્થ્ય સેવી શબ્દોથી સલામ ભરી છે,
સત્ય લાગ્યું તેને જ નિર્ભયપણે સલામ કરી છે,
સલામ કરી છે નિ:સ્વાર્થ, નિર્મળ, નિજાનંદ માટે
સત્તર વર્ષથી સૌને નિયમિત, સલામ ભરી છે.

સત્તર પૂરાં,
ને અઢારમું બેઠું -
-'સુપ્રભાતમ્'
(૨૪ નવેંબર-૧૯૯૬થી શરૂ)

વ્હાલા વાચકો,
આપ સૌને કરૂં છું
નમ્ર વંદન..
(હૃદયપૂર્વક આભાર સહ)




## ચિંતન

**લોકેષુ નિર્ધનો દુખી ઋણગ્રસ્તસ્તતો અધિકમ્ ।**
**તાભ્યાં રોગયુતો દુખી તેભ્યો દુખી કુભાર્યકઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

'આ જગતમાં-સંસારમાં નિર્ધન-ગરીબ દુખી છે, પરંતુ ગરીબીમાં પણ જેણે દેવું કરેલું છે એવો ગરીબ દેવાદાર વધારે દુ:ખી છે અને આ બંને (ગરીબ- અને દેવાદાર) કરતાં પણ રોગી-રોગગ્રસ્ત વધારે દુખી છે. પરંતુ આ ત્રણે કરતાં ય ખરાબ સ્વભાવવાળી પત્ની (ક્રોધી-શંકાશીલ-ચારિત્ર્યહીન)-વાળો પુરૂષ વધારે-સૌથી વધારે દુ:ખી છે.'

આ સંસાર વ્યવહારમાં 'ગરીબી'ની પરિસ્થિતિ ખૂબ જ કષ્ટ દાયક છે. આજે વિશ્વ સંસ્થાઓ પોતાના આયોજનોનાં પેટ ભરી વખાણ કર્યા કરે છે ત્યારે કેટલાંય દેશનાં-પછાત ગરીબ બાળકોને 'બટકું'ય મળતું નથી અને ભારત જેવા વિકસિત દેશના ગરીબોને દર ટંકે શું ખાશું એની સતત ચિંતા સતાવ્યા કરે છે.

આજે વિકાસની દોડમાં ઉધાર-લોન-ઓવરડ્રાફ્ટથી સરકારો પણ ઉધારમાં ડૂબી છે ભારતના દરેક પ્રજાજન પર હજારોનું દેવું છે આવી જ પરિસ્થિતિ સામાન્ય મધ્યમ વર્ગની છે. બેન્કો ટકી રહેવા લોભામણી જાહેરાતોની જાળ બિછાવે છે ને મધ્યમોમાં ફસાય છે. રીક્ષાવાળા-મકાન મેળવવા ઇચ્છા-ધંધો શરૂ કરવા ઇચ્છનારા જીંદગીભરના ઋણી થઇ જાય છે.

જેની પત્ની ખરાબ સ્વભાવની, ક્રોધી, અનુકૂલન ન સાધનારી પગલે પગલે અસંમત થઇ વિરોધ કરનારી હોય એ સૌથી વધારે દુ:ખી આત્મા છે.

## સુવિચાર

- તમારા સમ, મને છે એટલી શ્રદ્ધા તમારા પર, તમે જો શાપ પણ દેશો તો એ વરદાન થઇ જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાંકડું વર્તુળ કરે, એનું જીવન મરતું રહે, જે વસંતો વેરતા, એને નવું મળતું રહે... - **જ્ઞાનસૂત્ર**
- પ્રેમ ફક્ત અનુભવી શકાય, પરંતુ તે અનુભવ ને પણ જતાવવાની જરૂર હોય છે- **મનુસ્મૃતિ**
- લગ્નગ્રંથીથી જોડાવું એટલે સહજીવન જીવવું, પણ એનો એ અર્થ નથી કે સ્વજીવનને રૂંધી નાખવું - **ઓશો**
- કમજોરીનો ઇલાજ તેની ચિંતા કરવામાં નથી પણ શક્તિનો વિચાર કરવામાં છે - **સંત રોબિન**
- જયારે કોઇ યાદ આવે છે ત્યારે આંસુ નથી આવતા, પરંતુ આંસુ ત્યારે આવે છે જયારે કોઇની યાદ ન આવે તેવું આપણે ઇચ્છીએ છીએ - **માનસ સૂત્ર**
- મેલાં અને ઢંગધડા વગરના કપડાંની જો આપણને શરમ આવતી હોય તો મેલા ઢંગધડા વિનાના વિચારોથી તો આપણે સવિશેષ શરમાવું જોઇએ - **ફાધર વાલેસ**

## બોધ કથા

સાહિત્ય સર્જકને એના સર્જનની કદર રૂપે, અને રસજ્ઞ શ્રોતા-પ્રેમથી સાંભળી પ્રોત્સાહિત કરે એટલું જ જોઇએ એને છપાય ન છપાય, એવોર્ડ મળે ન મળેથી સંબંધ હોતો નથી ભાવુક હૃદય એની વેદના-અનુભૂતિ સમજે એ જ એના માટે મહામુલું છે.

એક રાજા ખૂબ જ્ઞાની પંડિત હતો. એના દરબારમાં બધાં રત્નો પણ સંસ્કૃતમાં જ ચર્ચા-વિનોદ કરતાં તેના ગામમાં શિક્ષકો-અને વેપારીઓ ને સંસ્કૃતની સારી સમજ હતી. રાજાને પોતાના રાજયની વિદ્યા પર ગૌરવ હતું...

એકવાર એક તેલુગુ સંત આ રાજાના દરબારમાં આવ્યા એક ગ્રંથ કાઢી રાજાના ચરણમાં મૂકતા જતા હતા અને બોલ્યા, 'મહારાજા, આ મારી 'તેલુગુ' ભાષામાં લખેલી બોધકથાઓ છે એ આપના જેવા વિદ્વાન રાજા દ્વારા પ્રકાશિત થાય..'

હજુ વાક્ય પુરૂં કરે તે પહેલાં જ રાજા અભિમાન પૂર્વક બોલ્યો, 'મહારાજ, રહેવા ધો અહીં તમારી તેલુગુ ભાષા કોઇ સમજશે નહીં-બધા સંસ્કૃતના વિદ્વાન છે.'

સંત સ્મિત સાથે વિદાય થયા.

રાજા બીજે દિવસે જંગલમાં શિકાર કરવા ગયો-એને આશ્ચર્ય થયું. પેલા સંત પશુ-પંખીઓ જે શ્રોતાની જેમ હવનકુંડ પાસે બેઠા હતાં તેમને વાર્તા સંભળાવી એકેક પાનું 'હવનકુંડ'માં પધરાવતા હતા. રાજાએ તરત દોડી એના હાથમાંથી ગ્રંથ આંચકી લીધો અને ક્ષમા માગી..

સંત કહે, રાજન્ આ અબૂધ પશુ-પંખીઓ મારી ભાષા-વાર્તાનો અર્ક સમજે અને માણે છે મને એ શબ્દ છપાય એની જરૂર નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# ધી ફેમીલી કોર્ટ એક્ટ ૧૯૮૪ની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગાંધીનગર જીલ્લામાં તાજેતરમાં પ્રથમ ફેમીલી કોર્ટની સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર જીલ્લાના નાગરિકોને ફેમીલી કોર્ટ વિષે માહિતી તથા માર્ગદર્શન મળી રહે તે માટે સરળ સમજૂતી આપવાનો પ્રયત્ન કરેલ છે.

ફેમીલી કોર્ટની સ્થાપના લગ્નજીવનના પ્રશ્નો તથા કાયદા, બાળકોની કસ્ટડી તથા સ્ત્રીઓ અને બાળકોના ભરણપોષણ માટેના હક્ક અધિકાર અપાવવા માટે જે જીલ્લામાં ૧૦ લાખથી વધારે જનસંખ્યા હોય તેવા જીલ્લામાં અલગથી ફેમીલી કોર્ટની સ્થાપનાની કલમ ૩ અન્વયે અધિકારો આપવામાં આવે છે. સ્ટે ગર્વમેન્ટ, ગુજરાત હાઇકોર્ટની માર્ગદર્શિકા મુજબ ફેમિલી કોર્ટનું જાહેરનામું બહાર પાડે છે. રાજય સરકારને જજીસની સંખ્યા માટેના અધિકાર આપવામાં આવ્યા છે. પરંતુ આવી નિમણૂંક હાઇકોર્ટના તાળામાં રાખવામાં આવી છે. પ્રિન્સિપાલ જજ એડી. પ્રિન્સિપાલ જજ આસી. ડિસ્ટ્રીક્ટ જજની નિમણૂંક ફેમીલી કોર્ટના જજ માટે કરવામાં આવે છે. જે ફેમીલી કોર્ટ એક્ટ ૧૯૮૪ની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ આવા અધિકારો જજીસને આપવામાં આવ્યા છે. ધી હિન્દુ સકસેશન એક્ટ ૧૯૫૬, ધ સ્પેશ્યિલ મેરેજ એક્ટ, ૧૯૫૬, ધી ડીસોલ્યુશન ઓફ મુસ્લિમ મેરેજ એક્ટ ૧૯૩૯ મુસ્લિમ વુમન એક્ટ ૧૯૮૬, ધી ઇન્ડિયન ડાયવોર્સ એક્ટ ૧૯૬૯, ધી હિન્દુ માયોલન્સ એક્ટ ૨૦૦૫, ધ ડાઉરી પ્રોહિબીશન એક્ટ ૧૯૮૧ જેવા કાયદાઓ ઉપરના કેસોમાં ટ્રાયલ ચલાવી નિર્ણય આપે છે.

લગ્નજીવનના પ્રશ્નો, ભરણપોષણના પ્રશ્નો બાળકના ગાર્ડિયનના પ્રશ્નો વિગેરે માટે જીલ્લા મહિલા કમિટી ૧૯૭૫ માં ૫૯ માં લો કમિશનને માર્ગદર્શિકા બહાર પાડેલ છે. તેને અનુસરીને અલગ ફેમિલી કોર્ટની સ્થાપના કરવામાં આવી છે. જેમાં લગ્નજીવનના પ્રશ્નો - છૂટાછેડા ભરણપોષણના કેસોમાં ત્વરીત ટ્રાયલ ચલાવી નિર્ણય આપવાનો હોય છે.

સાત વર્ષ કરતા વધારે અનુભવ કાયદા શાળામાં ધરાવતા જજની નિમણૂંક ફેમીલી કોર્ટનાં જજ તરીકે કરવામાં આવે છે. તેમજ ટ્રીબ્યુનલ કોર્ટના મેમ્બર તરીકે અનુભવ હોય તેમને પણ આ હોદ્દા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ગુજરાત હાઇકોર્ટમાં સાત વર્ષ કરતા વધારે વકીલાતના વ્યવસાયનો અનુભવ ધરાવતા વકીલને પણ આ હોદ્દા ઉપર નિમણૂક આપવાની સત્તા હાઇકોર્ટની છે.

લગ્નજીવનના પ્રશ્નો સરળતાથી તેમ જ બંને પક્ષકારો સાથે વાટાઘાટો કરી, કાઉન્સીલીંગ કરી કૂનેહ દ્વારા આવા પ્રશ્નોને સુખદ રૂપ ઉકેલ લાવવાનું કાર્ય ફેમીલી કોર્ટનું છે. રાજય સરકાર ગુજરાત હાઇકોર્ટની માર્ગદર્શનની 'ફેમીલી વેલફેર સેન્ટર'ની પણ સ્થાપના કરે છે. જેમાં સામાજિક કાર્યકરો તથા વ્યવસાયિક રસ ધરાવતા વડીલો, સીની. વકીલોની પેનલ બનાવવામાં આવે છે અને ફેમીલી વેલફેર સેન્ટરના આપવા માટે નિમણૂક આપવામાં આવે છે. સ્ટેટ મેડીલો લીગલ કમિટીની પણ રચના કરવામાં આવે છે. જેમની જવાબદારી પતિ પત્નીના ઝઘડા નિવારણ તથા બાળકોની જવાબદારી અંગેની હોય છે. પતિ-પત્નીના ઝઘડા તથા પ્રશ્નોને સરળતાથી હકારાત્મક રીતે ઉકેલવાના પ્રયત્નો કરી પતિ પત્નીને લગ્નજીવનની ગંભીરતા તથા સમજદારી ફરજો તથા અધિકારો અંગે માર્ગદર્શન આપી કાઉન્સિલીંગ કરવાનું છે.

ફેમીલી કોર્ટની મહત્ત્વતા ડીસ્ટ્રીક્ટ કોર્ટ જેટલી જ છે. જે પ્રાથમિક દવાઓની સુનવણી કરે છે. તથા સેટલમેન્ટ માટે પક્ષકારો તૈયાર હોય તો દાવા તથા અરજીના કામ સ્ટે કરી સદર અરજી તથા દાવા સેટરમેન્ટ માટે મુકાવામાં આવે છે તથા છૂટાછેડાની અરજી રીકન્સલટન્ટ માટે મુકવામાં આવી પુન:વિચારણાની તક આપવામાં આવે છે. લીગલ મેડીકો ટીમને પણ સમાધાન માટે આવા કેસ સુપ્રત કરવામાં આવે છે અને નિર્ણાત્મક હકારાત્મક, પરિણામ લાવવાની જવાબદારી કોઇ પણ પક્ષકારને અન્યાય ના થાય તે રીતે વ્યવહારૂ નિર્ણય લાવવાનું સૂચન આપવામાં આવે છે.

સમાજમાં તૂટતા લગ્નજીવનથી બાળકો ઉપર ભવિષ્યમાં પડતી અસરો પરિણામો તથા સામાજિક મુશ્કેલીઓનો વિચાર કરી ફેમિલી તકરારોના નિવારણ - કરવાનો મુખ્ય ધ્યેય ફેમીલી કોર્ટની સ્થાપનાનો છે.

**લગ્નજીવનના પ્રશ્નો સરળતાથી તેમ જ બંને પક્ષકારો સાથે વાટાઘાટો કરી, કાઉન્સીલીંગ કરી કૂનેહ દ્વારા આવા પ્રશ્નોને સુખદ રૂપ ઉકેલ લાવવાનું કાર્ય ફેમીલી કોર્ટનું છે**

લાંબા સમયના પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેનું નિવારણ લાવી બંને પક્ષકારોનું હિત તથા એક પક્ષકારના ફેસલાથી અન્ય ત્રાહિત પક્ષકારોને તથા બાળકોને પડતી વિપરીત અસર તથા નવા લીટીગેશન ઉભા ના થાય તે રીતે સમાધાનકારી વલણ અપનાવી "ના કોઇની જીત ના કોઇની હાર" સર્વને સમાન ન્યાયથી ફેમીલી પ્રશ્નોના નિરાકરણ લાવવાનું મુખ્ય કાર્ય એટલે જ ફેમીલી કોર્ટ. દહેજના, ભરણપોષણના તથા છૂટાછેડાની અરજીઓનો ભરાવો ફેમિલી કોર્ટથી ઘટશે અને પક્ષકારોને ઝડપી સરળ ન્યાય મળશે તે ચોક્કસ છે.

## ॥ 'સુપ્રભાતમ્' ॥

પ્રિય સુજ્ઞ વાચકો,

આપની સ્નેહાળ શુભેચ્છા અને પ્રેરણા-પ્રોત્સાહન દ્વારા 'સુપ્રભાતમ્' ની કોલમ અવિરત વહેતી રહી છે. આ કોલમના સંકલન સ્વરૂપ પાંચ પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે, એને પણ સારો આવકાર મળ્યો છે.

આ 'કોલમ'ને નિયમિત વાચનારા અનેક છે અને સમય-સમય પર રૂબરૂ-ફોન દ્વારા પ્રેમાળ-પ્રોત્સાહન પ્રતિસાદ પણ પહોંચાડે છે આવા પરમ સ્નેહી વાચકોમાં શ્રી ભરતભાઇ કવિ, શ્રી ચંદ્રકાન્ત ધનેશ્વર, શ્રી દીપક આસરા, શ્રી અમૃતભાઇ મોઢ મુખ્ય છે. તેમનો આજના અવસરે હૃદયપૂર્વક આભાર માનું છું.

પંચોતેર વર્ષે હવે મને કોઇ પક્ષ સાથે કોઇ અંગત સ્વાર્થ નથી - માટે જ એક 'તટસ્થ' નાગરિક તરીકે જ્યારે, જે દિવસે બનતી ઘટના ને આપોઆપ 'સલામ' થઇ જાય છે. મધ્યમ વર્ગીય જનસમૂહના પ્રતિનિધિની એ 'સંવેદના' પણ હોઇ શકે... આવી અભિવ્યક્તિની નિર્ભિક કોલમને સતત પ્રોત્સાહન આપવા તંત્રીશ્રી કૃષ્ણકાંતભાઇ જહા સાહેબનો ઋણી છે...

ફરી, સહૃદય આભાર સહ -

- સુરેશ પ્રા. ભટ્ટ
'સુપ્રભાતમ્'

# હું કોઇની નિંદા કોઇ અન્ય સાથે કરૂં તો મારા સત્કર્મોનું બેલેન્સ કપાતું જાય છે

## રોમીંગ ચાર્જ કપાય છે

### ચિંતન સભા

- લક્ષ્મી એમ. વાધવાણી (નિરંકારી)

એકવાર દિલ્હી ખાતે સંત નિરંકારી સમાગમમાં જવાનું થયું. ત્યાં પહેલીવાર મોબાઇલ લઇ જવાનું થયેલ હોવાથી પુરેપુરૂં બેલેન્સ મારા મોબાઇલમાં કરાવીને ગઇ પરંતુ, ગુજરાતની સરહદ પાર કરતાં જ રોમીંગ ચાર્જ ચડવાના શરૂ થતાં જ બેલેન્સ કપાવાનું શરૂ થઇ ગયેલ જેને કારણે ખૂબ જ ઝડપથી બેલેન્સ ઓછું થવા લાગ્યું. પછી મેં ફોન કરવાના ઓછા કરી દીધા. પણ પછી જોયું તો સામેથી ફોન જે આવે તેના પર હું વાત કરતી હતી તો પણ મારા મોબાઇલનું બેલેન્સ ઓછું થતું. આમ, હું આ મોબાઇલ પરથી ફોન લગાડીને વાત કરૂં તો પણ રૂપિયા કપાય અને સામેથી કોઇ મારા ફોન પર મારી સાથે વાત કરે તો એના તો પૈસા સ્વાભાવિકપણે કપાય જ પણ મારા પણ પૈસા કપાય.

આ બધું જોતાં તરત જ મનમાં ઝબકારો થયો કે આ તો એવું જ થયું ને કે હું કોઇની નિંદા કોઇ અન્ય સાથે કરૂં તો મારા સત્કર્મોનું બેલેન્સ કપાતું જાય છે એ વાત તો છે જ પણ કોઇ મારી આગળ નિંદા કરે અને હું સાંભળું તો પણ મારા સત્કર્મોનું બેલેન્સ કપાય. મોબાઇલમાં કપાતા બેલેન્સમાં તો મેં રસ્તો કાઢી લીધો કે અનિવાર્ય સિવાય કોઇ બીજાના ફોન આવે તો એના પર વાત જ ન કરવી અને મારા ફોન પરથી પણ અનિવાર્ય ફોન જ કરવા જેથી બેલેન્સ ઓછું જ ન થાય.

નિંદા કરવાથી પણ એવું જ થાય છે ને રોમીંગ ચાર્જની જેમ પાપનો ભાર વધતો જાય છે અને સત્કર્મોનું બેલેન્સ ઘટતું જાય છે પછી હું નિંદા કરૂં કે સાંભળું. આ ભૌતિક રૂપિયા ઘટે ત્યાં સુધી તો સમજ્યા પણ પાપનો ભારો વધતો જાય અને સત્કર્મોનું પોટલું ઘટતું જાય તે ઓ કેમ કરીને પોષાય? આ વિચાર સત્સંગનો માહોલ હોવાથી જ આવ્યો અને તરત જ આ વિચાર શક્ય એટલું અમલમાં મૂકવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધી તો ઘણીવાર એવું પણ જોયું છે કે નિંદા ચુગલી થતી હોય ત્યાં લોકો ખોતરી-ખોતરીને નવી વાતો/ગપસપ સાંભળવા તૈયાર થાય છે અને જાણીને વાત લંબાવવા માંગે છે ત્યારે એ ખબર નથી રહેતી કે આવી ક્ષુલ્લક બાબતોમાં આપણે કેટલું મસમોટું નુકશાન કરી રહ્યા છીએ, કંઇ નહીં હજુ મોડું નથી થયું જાગ્યા ત્યાંથી સવાર. ચાલો આપણે સૌ પણ આ બીડું ઝડપીએ અને જાગ્યા ત્યાંથી સવાર ગણીને નિંદા, ચુગલી જેવા દુર્ગુણોથી દૂર થઇએ.

સત્સંગના પ્રતાપે સારા લોકોનો સંગ મળે છે જયારે નિંદા/ચુગલી એ કોઇ સંતના સત્સંગમાં કયારેય/જોવા સાંભળવા મળશે નહીં. ગુરૂમત અને મનમત પર ચાલવાની આ ભેદરેખા જેટલી ઝડપથી સમજાય એટલું આપણો આ ભવ તેમજ પરભવ સુધારવા માટે સારૂં છે. સંત નિરંકારી મિશનનું આ જ લક્ષ્ય છે. માનવ એકતા સ્થાપવાનું. જયાં માનવ-માનવ વચ્ચે એકતા હશે ત્યાં નિંદા ચુગલીને કોઇ સ્થાન જ કયાંથી મળશે? ત્યાં જ આપણું પચાસ ટકા જીવન સુધરી જશે. ચાલો આ એકત્વ-માનવ એકતાના મિશન સાથે જોડાઇએ.

# ગામમાં લક્ષ્મીને મળેલ ઉમળકાભેર સન્માનથી લક્ષ્મીનો પતિ રઘુ ઘણો જ ખુશ થાય છે અને લક્ષ્મીને ઘરમાં કામમાં મદદરૂપ થવા તે મનોમન નક્કી કરે છે

## નારી તું નારાયણી

### લઘુકથા

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરથી આશરે ૨૦ કિલોમીટર દૂર કોળીયાક ગામ આવેલું છે. ગામ આશરે ૭૦૦૦ ની વસ્થી ધરાવે છે અને ગામનો મૂળ વ્યવસાય ખેતી તથા પશુપાલન છે. આવા ગામમાં કનોજી કરીને એક અત્યંત દરિદ્ર અવસ્થામાં પરીવાર રહે છે. જેમાં બે દીકરીઓ અને એક દીકરો છે. મોટી દીકરી ૧૩ વર્ષની છે બીજી દીકરી ૧૦ વર્ષની છે અને દીકરો ૭ વર્ષનો છે. કનોજી ખેતરની રેખવાળી તેમજ પાણી વચાવાનું કામ કરે છે, જયારે બે દીકરીઓ ગ્રામજનોના ઘરે, ઘરકામ કરે છે જે ખાવાનું મળે છે તેનો વ્યવહાર બીજી દીકરી જેનું નામ લક્ષ્મી છે તે કરે છે. સૌથી પહેલો ભાગ બાપુ માટે રાખે છે, બીજો ભાગ નાનાભાઇ માટે રાખે છે. ત્રીજો ભાગ પોતાની મોટી બહેન માટે રાખે છે. જયારે બાકીનો ભાગ પોતાના માટે રાખે છે. કોઇ કોઇ વખત તો લક્ષ્મીના ભાગે કંઇ પણ આવતું નથી છતાં પણ તે ચલાવી લે છે. લક્ષ્મી શાંત, માયાળુ તથા થોડો અભ્યાસ કરી, આગળ આવવાની તમન્ના વૃત્તિ ધરાવતી દીકરી છે. ઘરમાં કામ કર્યા પછી જે સમય મળે છે તેનો સદ્‌પયોગ અભ્યાસ કરવામાં કરે છે. કોઇ કોઇ વખત વધારે પડતાં લેશનને લીધે મોડી સાંજ સુધી ગામની રસ્તાની લાઇટમાં બેલી, અભ્યાસ પુરો કરે છે. મોટી બહેન ૧૫ વર્ષની થતાં, ગામમાં રહેતા એક ખેડૂતના દીકરા સાથે બહુ જ સાદાઇથી લગ્ન લેવાય છે.

મોટી બહેનના લગ્ન થતાં, પરિવારની બધી જ જવાબદારી લક્ષ્મી ઉપર આવી જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ લક્ષ્મી સાત ધોરણ ગામમાં આવેલ શાળામાંથી પસાર કરે છે. લક્ષ્મીને આગળ અભ્યાસ કરવાની હોશ છે પરંતુ ગામમાં ફક્ત સાત ધોરણ સુધીના જ અભ્યાસ કરવાની વ્યવસ્થા હોવાથી લક્ષ્મી મુઝાય છે, પરંતુ તે પણ હવે ૧૨ વર્ષની થતાં, તેમાં ગામની નજીક ચાર કિલોમીટર દૂર આવેલ ગામમાં રહેતા રઘુ સાથે લગ્ન લેવાય છે, જે ગામમાં લક્ષ્મીના લગ્ન લેવાય તે ગામમાં જ ૮ થી ૧૦ ધોરણ સુધીની શાળા હોવાથી, લક્ષ્મીને આગળ અભ્યાસ કરવાની તક મળશે તેથી આનંદ અનુભવે છે. જયારે બીજી બાજુ પોતાના બાપુ તથા નાનાભાઇને મુકીને જવાનું દુ:ખ પણ થાય છે, પરંતુ તેની મોટી બહેન ગામમાં જ રહેતી હોવાથી, બાપુ તથા નાના ભાઇની સાર-સંભાળની ભલામણ કરી, પોતાના નવા ગૃહે પ્રસ્થાન કરે છે.

રઘુ એકલો રહેતો હોવાથી તેના ઘરની બધી જ કામગીરીની વ્યવસ્થા કરવાનું કાર્ય સર્વપ્રથમ લક્ષ્મી હાથ ધરે છે. રઘુના ઘરે એક ગાય તથા એક ભેંસ હોવાથી તેને વહેલી સવારે - સાંજે દોહવાનું કામ, તેમજ ત્યારબાદ વધારાનું દૂધ, ગામમાં આવેલા દૂધ સહકારી મંડળીમાં જમા કરાવવાનું કામ તેમજ ગાય-ભેંસને ચરાવવા લઇ જવાનું કામ આરંભે છે. આમ વધારાનું દૂધ, જમા કરી, દિવસની રૂા. ૨૦ થી ૨૫ ની આવક ઊભી કરે છે, સાથે સાથે અભ્યાસ પણ ચાલુ રહે છે. આમ કરતાં બે વર્ષ જેટલો સમય પસાર થઇ જાય છે. અને પ્રસુતિને લીધે, લક્ષ્મી ૧૦માં ધોરણની પરીક્ષા એક વર્ષ આપી શકતી નથી.

સમયને જતાં વાર લાગતી નથી તેમ લક્ષ્મીને ઘરે આવેલ લક્ષ્મીદેવી, બે વર્ષની થતાં, લક્ષ્મી ૧૦માં ધોરણની પરીક્ષા આપે છે અને પસાર પણ કરે છે, ગામમાં પ્રથમ વખત જ એક સ્ત્રીએ ૧૦ ધોરણની પરીક્ષા, ઘરનું કામ કર્યાની સાથે સાથે પાસ કર્યાનો લક્ષ્મીનો દાખલો પ્રથમ હોવાથી, ગામના સરપંચ તથા મુખી, લક્ષ્મીનું સન્માન કરવાનું આયોજન કરે છે. સન્માન કાર્યક્રમમાં બહુ જ ોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત થતાં, લક્ષ્મી તેની તળપડી ભાષામાં પ્રવચન કરે છે જેની જાણકારી આ પ્રમાણે છે -

મારા ગ્રામવાશી ભાઇઓ-બહેનો, તમે આજરોજ મારૂં જે સન્માન કરો છો તે માટે ખરેખર આપ સર્વનો હું આભાર માનું છું, પરંતુ આજે જયારે મારૂં સન્માન થાય છે ત્યારે સ્ત્રી શું શું કરી શકે છે તેનો મારો અનુભવ જણાવું છું કે તમારા બાળકોનો ખૂબ જ ખ્યાલ રાખજો. તેને સારામાં સારા સંસ્કારો મળી રહે તે માટે તમારા ઘરનું વાતાવરણ ચોખ્ખું, શાંત તથા માયાળું રાખજો કારણ કે બાળકોને ૫૦ ટકા સંસ્કાર ઘરમાંથી જ મળે છે, ૨૫ ટકા સંસ્કાર શાળામાંથી મળે છે તેથી શાળા એવી પસંદ કરજો કે ત્યાંના શિક્ષકો નિષ્ઠાપૂર્વક અભ્યાસ બાળકોને કરાવતા હોય, જયારે બાકીના ૨૫ ટકા સંસ્કાર મિત્રો પાસેથી મળે છે. તેથી તમારાં બાળકો કેવા મિત્રોની પસંદગી કરે છે તે ખાસ ધ્યાન રાખજો. કહેવાયું છે કે "એક માતા બરોબર સો શિક્ષકો" તેથી બાળકોને સારા સંસ્કાર માતા જ આપી શકશે. ગામમાં કોઇ પણ બહેનો અશિક્ષિત રહે નહિ તે માટે બપોરના સમયે ગામની બહેનો લખતાં - વાંચતા શીખે તેવા હું પ્રયત્ન કરીશ. આમ આભાર માની તેનું પ્રવચન પુરૂ કરે છે.

ગામમાં લક્ષ્મીને મળેલ ઉમળકાભેર સન્માનથી લક્ષ્મીનો પતિ રઘુ ઘણો જ ખુશ થાય છે અને લક્ષ્મીને ઘરમાં કામમાં મદદરૂપ થવા તે મનોમન નક્કી કરે છે. તે મુજબ બીજે જ દિવસેથી રઘુ વધારાનું દૂધ મંડળીમાં જમા કરાવવાનું તેમજ ત્યારબાદ ગાય-ભેંસને ચરાવવા લઇ જવાનું કાર્ય આરંભી દે છે. રઘુમાં આવેલ પરિવર્તનથી લક્ષ્મી ખૂબ જ ખુશ, થાય છે અને તેને પણ લખતાં વાચતાં શીખવવાનું શરૂ કરી દે છે.

સમય પાણીની માફક પસાર થઇ રહ્યો છે. લક્ષ્મી તેની દીકરીની પાછળ પુષ્કળ ધ્યાન આપે છે અને એક દિવસ દીકરી માટે નાસ્તામાં ગોળ પાપળી બનાવવાનો વિચાર કરે છે કારણ કે ઘરમાં ઘી તથા ઘઉંનો લોટ તો છે ફક્ત ગોળ લાવવાનો રહે છે તેની દુકાને જઇ ગોળ લઇ આવે છે. ગોળનું પડીકું ખોલતાં જ, કાગળ તેના હાથમાં આવે છે તે વાંચતા તેને ઘણો આનંદ થાય છે. કાગળમાં ભાવનગર શહેરની પોલીસ કચેરી દ્વારા મહિલા પોલીસની ભરતી કરવાની જાહેરાત છે. જાહેરાત ફરી - ફરીને વાંચતા જણાય છે કે હજુ અરજી કરવાની ૧૫ દિવસની સમયમર્યાદા છે. તેથી ગોળ પાપડી બનાવ્યા પછી તેના પ્રમાણપત્રો વિગેરે તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરી દે છે, તેના પતિ રઘુ સાથે વાતચીત કર્યા પછી, બે દિવસમાં અરજી આપવા માટે ભાવનગર શહેર તરફ રઘુ પરિવાર પ્રયાણ કરે છે. કચેરીમાં સંબંધિત વ્યકતિઓનો સંપર્ક સાધી, અરજીમાં માગેલ વિગતો બરોબર છે કે કેમ? તેની ખરાઇ કરાવી, અરજી કચેરીને આપી દે છે. તેને જણાવવામાં આવે છે કે પસંદગી પામશો તો પદરેક દિવસમાં જાણ કરવામાં આવશે, ગામ પરત આવી, લક્ષ્મી પરિવાર હવે ટપાલની રાહ જુએ છે. સાતેક દિવસ પછી લક્ષ્મીની પસંદગી થઇ હોવાની જાણ થતાં, ગામમાં ઉત્સાહ જેવું વાતાવરણ સર્જાય છે કારણ કે ગામની એક સ્ત્રી અબળા/નારીની પસંદગી મહિલા પોલીસ તરીકે જોઇ છે.

મહિલા પોલીસની જગ્યા ઉપર હાજર થતાં પહેલાં લક્ષ્મીને ભાવભેર વિદાય આપવામાં આવે છે, કોઇ શ્રીફળ, કોઇ કંકુ જયારે કોઇ ગ્રામજનો વિનંતી કરે છે સાથે સાથે ગ્રામજનો વિનંતી કરે છે કે તમે ભલે મહિલો પોલીસ તરીકે જાવ પરંતુ રહેવાનું તો ગામમાં જ રાખજો. લક્ષ્મી સહર્ષ ગ્રામજનોની વિનંતી સ્વીકારે છે, રોજ ગામથી આવવાનું જવાનું રાખે છે. આમ દિવસો ઉપર દિવસો અને વર્ષો ઉપર વર્ષો પસાર થઇ જાય છે. તે દરમિયાન લક્ષ્મીની દીકરી પણ ભણી-ગણીને હોંશિયાર તેમજ પુખ્તવયના થતાં, ભાવનગર શહેરમાં લગ્ન લેવાય છે અને બીજી બાજુ લક્ષ્મીનો સેવા નિવૃત્તિનો સમય પણ આવી જાય છે, તદાનુસાર હાલમાં લક્ષ્મી - રઘુ પરિવાર ગ્રામજનોની પ્રગતિ તેમજ ગ્રામને સમૃદ્ધ બનાવવામાં પોતાનું શેષ જીવન વ્યતિત કરી રહ્યાં છે. એક અબળા શું નથી કરતી શકતી એ "નારી તું નારાયણી" જીવનની અમર કહાની છે.